सत्यमेव जयते

આંક–

## // નમૂના – અ //

| વાપી મહેરબાન ત્રીજા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ માં, વાપી | |
|---|---|
| ચુકાદા ની તારીખ | ૧૬/૦૧/૨૦૨૬ |
| ફો કે. સંખ્યા | ૯૮૬/૨૦૨૧ |
| **ગુના ની વિગત** | |
| ગુના ની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩(ક)(૧)(ક) ,૧૫૩(ક)(૧)(ખ) ,૧૫૩(ખ)(૧(ગ) , ૨૯૨ ,૨૯૫(ક),૫૦૫(૨),૧૧૪ અને ઇન્ફોર્મે શન ટેકનોલેજી એકટ ની કલમ ૬૭ અને ૬૭(એ) મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૨૦૦૦૫૧૨૦૦૯૪૦/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | ડુંગરા પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | રાકેશભાઈ રમણભાઈ અનાર્મ ભાઈ |
| રજૂઆત | વિદ્વાન મ દદનીશ સરકારી વકીલ શ્રી ટી. વી. ચૌધરી. |
| આરોપી પક્ષ | નિસાર મન્સુરઅલી ખાન<br>રહે.ડુંગરા નવી નગરી વાપી જી.વલસાડ. |
| રજૂઆત | આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી વી. એલ. વાકચોરે. |

## // નમૂના – બ //

| | |
|---|---|
| ગુના ની તારીખ | ૩૦/૦૭/૨૦૨૦ |
| પ્રથમ માહિતી અહેવાલ ની તારીખ | ૩૦/૦૭/૨૦૨૦ |
| આખરી અહેવાલ ની તારીખ | ૧૯/૦૨/૨૦૨૧ |

| | |
|---|---|
| તહોમતનામુ ફરમાવ્યા ની તારીખ | ૨૧/૦૮/૨૦૨૩ |
| પુરાવો શરૂ થા ની તારીખ | ૧૯/૦૧/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૫/ ૧૨ / ૨૦૨૫ |
| ચુકાદા ની તારીખ | ૧૬ /૦૧/ ૨૦૨૬ |
| સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો) | ---------- |

**:: આરોપી ની વિગત ::**

| આરોપીનો અનુક્રમ | આરોપીઓના નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નિસાર મન્સુરઅલી ખાન | ૦૩/૦૮/ ૨૦૨૦ | ૦૪/૦૮/ ૨૦૨૦ | ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩(ક)(૧)(ક) ,૧૫૩(ક)(૧)(ખ) ,૧૫૩(ખ)(૧)(ગ) , | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૨૯૨ ,૨૯ ૫(ક),૫૦ ૫(૨),૧૧ ૪ અને ઇ ન્ફો ર્મે શન ટેકનોલેજી એકટ ની કલમ ૬૭ અને ૬૭(એ) મુજબ. | | | |

**::નમૂનો ક::**

**ફરિયાદીના સાક્ષી ની યાદી અ. ફરિયાદ પક્ષ**

| **અનુ.નં.** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફરીયાદપક્ષના સાહેદ નંબર ૧ | રાકેશભાઈ રમણભાઈ તળપદા આંક–૧૦ | ફરીયાદી |
| ફરીયાદપક્ષના સાહેદ નંબર ૨ | નરેન્દ્રભાઈ ભવરલાલ પાયક આંક–૧૨ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ નંબર ૩ | જાવેદ જવાદખાન ખાન આંક–૧૩ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ નંબર ૪ | ભુપેનભાઈ થોભણભાઈ પટેલ આંક–૧૭ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ નંબર ૫ | શૈલેષભાઈ ડાહ્યાભાઈ પટેલ આંક–૧૮ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ નંબર ૬ | ભ્રુગુનાથ ઉર્ફે ગગન ઉમેશચંદ્ર પાંડે આંક–૧૯ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ નંબર ૭ | રમેશભાઈ દેવજીભાઈ મકવાણા આંક–૨૩ | તપાસ કરનાર અધિકારી |

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષના સાહેદ નંબર ૮ | જયદીપસીંહ વેણીસીંહ ચાવડા આંક–૩૦ | તપાસ કરનાર અધિકારી |

**બ. બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૨ | – | – |

**ક.ન્યાયાલય પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૨ | – | – |

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના આંક ની યાદી**

**અ. ફરિયાદ**

| **અનુ.નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક ફ–૧૧ | ફરીયાદી |
| ૨ | આંક ફ–૧૪ | મુદ્ધામાલ મોબાઈલ કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૩ | આંક ફ–૨૪ | મુદ્ધામાલ મોબાઈલ સીલબંધ કરી તપાસ અર્થે એફ.એસ.એલમાં મોકલેલ જેની રવાનગી યાદી |
| ૪ | આંક ફ–૨૫ | એફ.એસ.એલ. ન્યાયીક સહાયક વિજ્ઞાનની કચેરી સુરત ધ્વારા મુદ્ધામાલ મળી જવા બાબતની પહોંચ |
| ૫ | આંક ફ–૨૬ | ડુંગરા પોલીસ સ્ટેશન તરફથી મૃદામાલ પરીક્ષણ થયેલ ન હોવા બાબતની યાદી |
| ૬ | આંક ફ–૩૧ | ડુંગરા પોલીસ સ્ટેશન અમલદારનાઓને ગુનો દાખલ કરવા બાબત એક યાદી |

**બ. બચાવ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક બ–૧/બ.સ. ૧ | – |
| ૨. | આંક બ–૨/બ.સ. ૨ | – |

**ક. ન્યાયાલય આંક**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ન્યા–૧/ન્યા.સ. ૧ | – |

| | | |
|---|---|---|
| ૨. | આંક ન્યા–૨/ન્યા.સ. ૨ | – |

**ડ. ભૌતિક પદાર્થ :**

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ. પ. ૧ | એક એક વાદળી તથા નીલા કલરનો વીવો કંપનીનો મોબાઈલ જેનો મોડેલ નંબર વીવો–૧૮૨૦ |
| ૨. | ભૌ. પ. ૨ | –––––– |

## // ઠરાવ //

(૧) આ કામે ફરીયાદપક્ષની હકીકત ટુંકમા એવી છે કે, આ કામના આરોપી નિશાર મન્સુરઅલી ખાન અને તેનો પુત્ર સાજીદ ખાન, બન્ને ડુંગરા નવીનગરી, તા. વાપી, જી. વલસાડ પોતાના મળેલા ઈરાદાથી તથા મદદગારીથી મોબાઈલ નંબર ૭૬૯૮૪ ૭૮૫૪૯ વડે સંચાલિત *Sajid Rock* નામના ફેસબુક એકાઉન્ટ પર તા. ૨૯/૦૭/૨૦૨૦ ના રાત્રે ૧૯:૦૦ વાગ્યાથી તા. ૩૦/૦૭/૨૦૨૦ ના બપોરે ૧૨:૦૦ વાગ્યા દરમ્યાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા હિન્દુ ધર્મના ભગવાન શ્રીરામનો ધર્મની લાગણી દુભાય તેવો, દ્વેષ ફેલાવે તેવો અને હિન્દુ–મુસ્લિમ સમાજ વચ્ચે દુશ્મનાવટ તથા શાંતિભંગ સર્જાય એવો આપત્તિજનક ફોટો પોસ્ટ કરી જાહેર શાંતિ, સુમેળ અને રાષ્ટ્રીય એકતાને ભંગ થાય તેવો ગુનો કરી પકડાઈ જઈ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩(ક)(૧)(ક),૧૫૩(ક)(૧)(ખ) ,૧૫૩(ખ)(૧)(ગ),૨૯૨ ,૨૯૫(ક), ૫૦૫(૨), ૧૧૪ અને ઈન્ફોર્મેશન ટેકનોલેજી એકટ ની કલમ ૬૭ ને ૬૭(એ) મુજબ ની ફરીયાદ ફરીયાદીએ સંબંધીત પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ.

(૨) આકામે સંબંધીત પોલીસ સ્ટેશન દ્વારા તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ રજુ કરેલુ અને સદરહુ ચાર્જશીટને ફોજદારી કેસ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩ (ક) (૧) (ક), ૧૫૩ (ક) (૧)

(ખ) ,૧૫૩(ખ)(૧)(ગ) , ૨૯૨ ,૨૯૫(ક), ૫૦૫(૨), ૧૧૪ અને ઈન્ફોર્મેશન ટેકનોલેજી એકટ ની કલમ ૬૭ અને ૬૭(એ) મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે.જેની ધોરણસરની બજવણી આરોપીઓને થતાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ મુજબ આરોપીને ફરીયાદ પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિનામૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૦ મુજબ આંક–૭ થી તહોમતનામુ ફરમાવી અને આંક– ૮ થી આરોપીનો જવાબ લેવામાં આવતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે પોતાના મૌખિક પુરાવા રજૂ કર્યા બાદ, આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૧૩ હેઠળ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ. તેમા આરોપીએ જણાવેલ કે તેઓ નિર્દોષ છે અને તેઓની ખોટુ ચાર્જશીટ કરેલ છે. તેઓએ કોઈ ફોટો વાઈરલ કરેલો નથી. તેઓનો કોઈ ગુનામા મોબાઈલ વપરાયેલો નથી.

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી. ટી.વી. ચૌધરી ની દલીલો સાંભળી અને આરોપી પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી વી.એલ.વાકચોરે જેને નિર્ણયના કારણો સાથે સાંકળી લીધેલ છે.

(૫) ઉપરોક્ત હકીકતો તથા દલીલો ધ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદ્દો ઉપસ્થિત થાય છે.

***(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપી નિશાર મન્સુરઅલી ખાન અને તેનો પુત્ર સાજીદ ખાન, બન્ને ડુંગરા નવીનગરી, તા. વાપી, જી.***

*વલસાડ પોતાના મળેલા ઈરાદાથી તથા મદદગારીથી મોબાઈલ નંબર ૭૬૯૮૪ ૭૮૫૪૯ વડે સંચાલિત **Sajid Rock** નામના ફેસબુક એકાઉન્ટ પર તા. ૨૯/૦૭/૨૦૨૦ ના રાત્રે ૧૯:૦૦ વાગ્યાથી તા. ૩૦/૦૭/૨૦૨૦ ના બપોરે ૧૨:૦૦ વાગ્યા દરમ્યાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા હિન્દુ ધર્મના ભગવાન શ્રીરામનો ધર્મની લાગણી દુભાય તેવો, દ્વેષ ફેલાવે તેવો અને હિન્દુ–મુસ્લિમ સમાજ વચ્ચે દુશ્મનાવટ તથા શાંતિભંગ સર્જાય એવો આપત્તિજનક ફોટો પોસ્ટ કરી જાહેર શાંતિ, સુમેળ અને રાષ્ટ્રીય એકતાને ભંગ થાય તેવો ગુનો કરી પકડાઈ જઈ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩(ક)(૧)(ક),૧૫૩(ક)(૧)(ખ) ,૧૫૩(ખ)(૧)(ગ),૨૯૨ ,૨૯૫(ક), ૫૦૫(૨), ૧૧૪ અને ઈન્ફોર્મેશન ટેકનોલેજી એકટ ની કલમ ૬૭ અને ૬૭(એ) મુજબ નો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?*

*(૨) શું હુકમ ?*

(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરના મારા ન્યાયિક નિર્ણયો નીચે જણાવેલા કારણોસર નીચે મુજબના છે.

*(૧) નકારમા.*

*(૨) આખરી હુકમ મુજબ.*

*// નિર્ણય માટેના કારણો //*

(૭) ***મુદ્દા નં ૧ ની ચર્ચા :–*** ઉપરોક્ત મુદ્દાઓની ચર્ચા પૂર્વે એ નોંધવું જરૂરી છે કે, ન્યાયના સ્થાપિત સિદ્ધાંતો અનુસાર, "પુરાવાનું મૂલ્યાંકન" શબ્દની ભારતીય પુરાવા અધિનિયમમાં સ્પષ્ટ વ્યાખ્યા આપવામાં આવી નથી, ન તો તેના માટે કોઈ ચોક્કસ કાનૂની નિયમ છે. પુરાવાની મૂલ્યાંકન પ્રક્રિયા દરેક કેસની તથ્યો અને પરિસ્થિતિઓ પર આધારિત હોય છે, જે ભારતીય પુરાવા અધિનિયમની

કલમ–૩ માં આપેલ "સાબિત" અને "ના–સાબિત"ની વ્યાખ્યા પર નિર્ભર કરે છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો હંમેશા ફરિયાદી પક્ષ પર રહે છે, અને તેમણે પોતાનો કેસ શંકારહિત રીતે સાબિત કરવાનો હોય છે. દિવાની કાર્યવાહીમાં સંભાવનાના આધારે નિર્ણય લેવાતો હોય છે, પરંતુ ફોજદારી કાર્યવાહીમાં આવું થતું નથી. ફોજદારી કેસમાં પુરાવાનો બોજો આરોપી પર ક્યારેય ખસેડી શકાતો નથી. ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અને ૧૦૩ અનુસાર પુરાવા રજૂ કરીને પોતાના આરોપો સાબિત કરવાના હોય છે. આ કેસમાં, ફરિયાદીએ આરોપીઓએ ફરિયાદમાં જણાવેલા કાયદા અનુસાર ગુનો આચર્યો હોવાનું શંકારહિત રીતે સાબિત કરવાનો બોજો ફરિયાદી પક્ષ પર છે. ભારતીય પુરાવા અધિનિયમમાં એવું ક્યાંય જણાવેલું નથી કે ફરિયાદીએ પોતાનો કેસ સાબિત કરવા માટે ચોક્કસ સંખ્યામાં સાક્ષીઓ રજૂ કરવા જોઈએ. ફરિયાદીએ માત્ર શ્રેષ્ઠ અને સુસંગત પુરાવા રજૂ કરવા જોઈએ, જે હંમેશા કેસની હકીકતો સાથે સંબંધિત હોવા જોઈએ. ભારતીય પુરાવા અધિનિયમનો એક સ્થાપિત સિદ્ધાંત એ પણ છે કે આરોપી સામેનો ગુનો નિ:શંકપણે સાબિત થવો જોઈએ, અને જો તેમાં થોડી પણ શંકા ઊભી થાય, તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ.

***(૭. ૧ ) ફરીયાદીનો પુરાવો :–*** આ કામે ફરીયાદપક્ષે આક–૧૦ થી ફરીયાદી રાકેશભાઈ રમણભાઈ તળપદા ને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની સરતપાસની જુબાનીમા જણાવેલ છે કે,ગઈ તારીખ ૩૦/૦૭/૨૦૨૦ ના રોજ ડુંગરા પોલીસ સ્ટેશન ખાતે ફરજ ઉપર હાજર હતા તે વખતે વાપી વિસ્તારના આગેવાન નરેન્દ્રભાઈ પાયક મો.ન.૯૭૨૫૩૭૬૫૮૮ ઉપરથી મારા મોબાઈલ નંબર ૯૭૨૨૨ ૯૭૧૧૧ ઉપર ફોન કરી જણાવેલ કે ડુંગરા નવી નગરી ખાતે રહેતા

નિશાર મંસુર અલી તથા તેમના પુત્ર સાજીદ નિસાર ખાનનાએ તેમના મોબાઈલ નંબર ૭૬૯૮૪૭૮૫૪૯ ઉપર ચાલતા ફેસબુક એકાઉન્ટ સાજીદ રોક નામના એકાઉન્ટની સ્ટોરીમાં તારીખ ૨૯/૦૭/૨૦૨૦ ના રોજ સાંજે સાત એક વાગે એક પોસ્ટ કરેલ છે જેમા ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા હિન્દુ સમુદાયના ભગવાન શ્રી રામનો ફોટો બીભત્સ રીતે રજુ કરેલ હોય અને લોકો આ ફોટો જોઈ જાતી ધર્મ બાબતમાં ભેદભાવ ઉભો થાય તે કરવાના ઈરાદાથી આવો આ પોસ્ટ કરેલ છે. જેની પોસ્ટ હુ તમને તમાર મોબાઈલ વોટસ એપ ઉપર મોકલુ છુ તેમ કહી મને પોસ્ટ મોકલેલ જે પોસ્ટ મે મારા મોબાઈલમાં ડાઉન લોડ કરી જોતા ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા હિન્દુ સમુદાયના ભગવાન શ્રી રામનો ફોટો બીભત્સ રીતે રજુ કરેલ જોવા મળેલ.જેની વધુ ખાત્રી માટે મે મારા મોબાઈલથી સાજીદ રોક નામની ફેસબુક એકાઉન્ટ ખોલી ચેક કરતા તેમા ખરેખર ઉપરોકત પોસ્ટ વાયરલ કરેલી જોવા મળેલી. જેથી સદર ફેસબુક એકાઉન્ટના સી યોર અબાઉટ ઈન્ફોમમાં કોન્ટેકટ ઈન્ફો જોતા તેમા મોબાઈલ નંબર ૭૬૯૮૪૭૮૫૪૯ નો જોવા મળેલ. જેની ખાત્રી કરતા સદર મોબાઈલ નંબર નિશાર મંસુરઅલી રહે. ડુંગરા નવી નગરી તાલુકા વાપીનો વાપરતો હોવાનુ જણાઈ આવેલુ અને તેમના મોબાઈલમાં તેમનો પુત્ર સાજીદ નીસારનો સાજીદ રોક નામનુ ફેસબુક એકાઉન્ટ બનાવી વાપરતો હોવાનુ જણાઈ આવેલુ. સદર પોસ્ટના ચીત્રમાં ભારત દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ચહેરા વાળુ તથા ભગવાન શ્રી રામના ચહેરાવાળુ તેમજ હિન્દીમાં તથા અંગ્રેજીમાં રામ લખેલ તથા અંગ્રજીમાં ભગવાન રામ બાબતે ખરાબ ટીપ્પણી કરતુ વાકય રામ કી ચુદાઈ હો રહી હે એવુ અંગ્રેજીમાં ડિઝાઈનમાં તથા ઓમની નિશાની બનાવેલુ લખેલુ જોવા મળેલુ હતુ. જે આ પોસ્ટથી હિન્દુ ધર્મની લાગણી દુભાઈ તેવુ તથા ધર્મ જાતી વચ્ચે દુશ્મના વટ થાય તથા ધિકકાર

તથા દ્વેષની લાગણીને પ્રોત્સાહન આપે તેવુ તેમજ હિન્દુ મુસલમાન સમુદાયના જાહેર સુલેહ શાંતીનો ભંગ થાય તે આશય થી પોસ્ટ કરેલ હોવાનુ જણાઈ આવતા પો.સ.ઈન્સ.શ્રી. જી.વી.ચાવડા ડુંગરા પોલીસ સ્ટેશનનાઓ રૂબરૂ અમોએ ફરીયાદ આપેલી હતી. મે જે આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી તે પૈકી આરોપી નિસાર મંસુરઅલી ખાન આજ રોજ કોર્ટમાં હાજર છે જેને જોયેથી ઓળખુ છુ.

જયારે બચાવપક્ષ તરફે ઉલટતપાસમા તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંગેની ફરીયાદ ૧૭ કલાક મોડી આપવામાં આવેલી છે. ફરીયાદ મોડી આપવા બદલનો કોઈ ખુલાશો કરેલો નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે મને જે ફોન નંબરમાંથી ફોન આવેલો અને જે પોસ્ટ ફોરવર્ડ કરવામાં આવેલી તે ફોન મે ચેક કરેલો નથી.આરોપી છુટક મજુરીનુ કામ કરે છે. હુ એ ના કહી શકુ કે આરોપી ટેકનીકલ જ્ઞાન ધરાવે છે કે નહી. હુ એન્ડ્રોઈડ ફોનથી વાકેફ છુ. ફોન ખોલવા માટે પાસવર્ડ સેટ કરેલો હોય તો પાસવર્ડની જરૂર પડે છે. ફેસબુક એકાઉન્ટ પણ પાસવર્ડ વગર ખુલી શકે નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કેકોઈનો મોબાઈલ ફોનમાં ફેસબુકનો યુજર આઈ.ડી અને પાસવર્ડ હોય તો તે વ્યકિત ખોલી તેનો ઉપ્યોગ કરી શકે છે. મે જે પ્રોફાઈલ ખોલેલી તેમા સાજીદ રોક નામ લખેલુ હતુ તે કોના નામની પ્રોફાઈલ હતી તે ચોકકસ કહી શકુ નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કેમે જે પ્રોફાઈલ ખોલેલુ તેમા ઈમેલ આઈ ડી.કોનુ હતુ તેની મને ખબર નથી. એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, હાલના આરોપીએ બીજા કોઈની પોસ્ટમાંથી આવેલો ફોટો તેઓએ પોસ્ટ કરેલો છે અને જાતે બનાવેલો નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે નરેન્દ્રભાઈ પાચક નામના વ્યકિતએ મને પોસ્ટ મોકલતા અને મે પોસ્ટ ચેક કરતા તેના આધારે મે ફરીયાદ આપેલી છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીનો મોબાઈલ ચેક કર્યા વગર

હુ કહી શકુ નહી કે પોસ્ટ આરોપી દ્રારા કરવામાં આવેલી છે કે નહી. જે મોબાલઈ નંબર માંથી પોસ્ટ થયેલી હોય તેને કરેલી છે તેવુ માની શકાય. એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, આરોપીએ આવી કોઈ પોસ્ટ કરેલી નથી તેમ છતા ઉપરી અધિકારીના કહેવાથી ખોટી ફરીયાદ કરેલી છે.

***(૭.૨ ) સાહેદ નો પુરાવો :–*** આ કામે ફરીયાદપક્ષે આક–૧૨ થી સાહેદ નરેન્દ્રભાઈ ભવરલાલ પાયક ને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની સરતપાસની જુબાનીમા જણાવેલ છે કે,બનાવ ૨૯/૦૭/૨૦૨૦ના રોજ બનેલો હતો. ત્યારે બજરંગ દળના કાર્યકર્તા ગગન ઉર્ફે ભગુ પાંડેનાઓએ મને જણાવેલ કે ભગવાન રામના અને નરેન્દ્ર મોદીજીના ખોટા ચિત્ર અને કોમેન્ટ લખેલ છે અને તે સાજીદ રોક નામના ફેસબુક એકાઉન્ટમા મુકેલ છે અને તે ફોટો વાઈરલ કરેલ તેની મને ફોનથી જાણ કરેલી અને ફોટો સ્ક્રીન શોર્ટ થી મને મોકલેલ હતો અને મે તેને પુછેલ કે આ માણસ કયા વિસ્તારમા રહે છે તેથી તેણે જણાવેલ કે ડુંગરા વિસ્તાર મા રહે છે અને જેથી મે ડુંગરા પોલીસ સ્ટેશનના વિસ્તારના એસ. એસ.આઈ રાકેશભાઈ રમણભાઈ તળપદાને જાણ કરેલી હતી અને મે જણાવેલ કે આ ખોટો ફોટો પ્રસિધ્ધ કરેલ છે જેનાથી હિંદુ ધર્મની લાગણી દુભાય તેમ છે અને ખોટા વિવાદ ઉભા થાય તેમ હોય તે ઈસમની તપાસ કરવા જણાવેલ હતુ. જેથી ડુંગરા પોલીસે એસ.એસ.આઈ રાકેશભાઈ રમણભાઈ નાઓએ તપાસ કરી તેના મોબાઈલ ધારક નિશાર મન્સુર અલીખાન તથા તેનો છોકરો સાજીદ ખાન નિસારનાઓને પકડી પોલીસ સ્ટેશન લઈ આવેલ અને તેઓની વિરૂધ્ધ રાકેશભાઈ એ ફરીયાદ આપેલી હતી. મને આપતી જનક ફોટો બતાવામા આવે છે જે ફોટોનો સ્ક્રિન શોર્ટ મને ગગન ઉર્ફે ભગુ પાંડેનાઓએ મોકલાવેલ તે ફોટો છે જે મે પોલીસને આપેલ હતો. સદર પોસ્ટના ચીત્રમાં ભારત દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ચહેરા વાળુ તથા ભગવાન શ્રી રામના ચહેરાવાળુ

તેમજ હિન્દીમાં તથા અંગ્રેજીમાં રામ લખેલ તથા અંગ્રજીમાં ભગવાન રામ બાબતે ખરાબ ટીપ્પણી કરતુ વાક્ય રામ કી ચુદાઈ હો રહી હે એવુ અંગ્રેજીમાં ડિઝાઈનમાં તથા ઓમની નિશાની બનાવેલુ લખેલુ જોવા મળેલુ હતુ. આ તેજ ફોટો છે જે મને મોકલાવેલ હતો.

જયારે બચાવપક્ષ તરફે ઉલટતપાસમા તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ ફોટો મને કયા મોબાઈલ નંબર થી મોકલેલ તેનો કોઈ નંબર જણાવેલ નથી. મે પોલીસ ને બનાવની ફોનથી જાણ કરેલી છે. મે જે ફોટો રજુ કરેલો તેનુ કોઈ બીલ પોલીસને મે બીલ આપેલુ નહી. જયારે ગગન ભાઈએ મને ફોટો મોકલેલ ત્યારે મે તેને કોઈ પોલીસ મા ફરીયાદ આપેલી છે કે નહી તે પુછેલ નહી. મારા મોબાઈલમા ફોટો આવેલ તે મોબાઈલ પોલીસે કબજે કરેલો નથી. પોલીસે મારા મોબાઈલનુ કોઈ પંચનામુ કરેલુ નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કેલ ગગનભાઈએ મને કોઈ સ્ક્રિન શોર્ટ માકલાવેલો નથી. પોલીસે મારૂ નિવેદન બીજા દિવસે લીધેલુ હતુ. મારે નિવેદન આપ્યા પોલીસે સ્ટેશને જવાનુ થયેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા બે આરોપીને પોલીસ વાળા પકડીને લાવેલા હતા તે જણાવેલ નથી. સાહેદ જણાવે છે કે મને યાદ નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે આવો કોઈ બનાવ બનેલ નથી અને ફરીયાદીની ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે મારા નિવેદનમા મારો મોબાઈલ નંબર લખેલો નથી.

***(૭. ૩ ) સાહેદ નો પુરાવો :–*** આ કામે ફરીયાદપક્ષે આક–૧૩ થી સાહેદ જાવેદ જવાદ ખાન ને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની સરતપાસની જુબાનીમા જણાવેલ છે કે,આશરે ૩ વર્ષ પહેલા એક પંચનામા સહી કરેલી હતી અને તે સહી મે મારી સાથે અક્રમખાન સાથે પોલીસ સ્ટેશને ગયેલા હતા ત્યા પંચનામામા સહી

કરેલી હતી. અમારા સિવાય ત્યા બીજા કોઈ હાજર હતુ કે નહી તેની ખબર નથી. મને અસલ મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ બતાવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા મારી સહી છે જે સહી હુ ઓળખી બતાવુ છુ જે અસલ પંચનામુ રજુ દાખલ આંક– ૧૪ આપવામા આવે છે. આ પંચનામા શુ લખેલુ હતુ અને કંઈ બાબત નું હતુ તેની મને ખબર નથી તે સિવાય પંચનામુ બાબતે મને કાંઈ ખબર નથી.

સદર સાહેદને એ.પી.પી.શ્રીએ ઉલટતપાસમા પુછિ શકાય તેવા સવાલો પુછવા પરવાનગી માંગી આવા સવાલો પુછવામા આવેલ છે. સદર સાહેદને એ.પી.પીશ્રીએ ફરી ગયેલા જાહેર કરેલ છે.સદર સાહેદની ઉલટતપાસમા ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

***(૭.૪) સાહેદ નો પુરાવો :–*** આ કામે ફરીયાદપક્ષે આક–૧૭ થી સાહેદ ભુપેનભાઈ થોભણભાઈ પટેલ ને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની સરતપાસની જુબાનીમા જણાવેલ છે કે,હું કન્સ્ટ્રકશનનો ધંધો કરૂ છુ તથા વિશ્વહિન્દુ પરીષદમાં જોડાયેલુ છુ. હુ નરેન્દ્રભાઈ પાચકને ઓળખુ છુ. નરેન્દ્રભાઈએ મને ફોન કરીને જણાવેલુ કે કોઈ મુસ્લીમભાઈ એ શ્રી રામ ભગવાન નો ફોટો ફેસબુક ઉપર અપલોડ કરેલો છે.બનાવ બાબતે મને ડુંગરા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા હતા અને હુ પોલીસ સ્ટેશને ગયેલો અને પોલીસે મારી પુછપરછ કરેલી હતી. જે ફોટો વાયરલ થયેલો હતો તે મે ફેસબુક ઉપર જોયેલો કે ટીવીટર ઉપર જોયેલો તે મને યાદ નથી. મને પોલીસે કોર્ટ કેસના પેપર્સની ફાઈલમાંથી ફોટો બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ આ તે જ ફોટો છે જે મે જોયેલો છે.

જયારે બચાવપક્ષ તરફે ઉલટતપાસમા તેમણે જણાવેલ છે કે,હું વિશ્વહિન્દુ પરીષદમાં કામ કરતો હોઉ જેથી કોઈ તકરાર થાય તો પોલીસ સ્ટેશને જયારે બોલાવે ત્યારે જતા હોઈએ છીએ.મારે નરેન્દ્રભાઈ મારી સાથે કામ કરતા હોય તેની સાથે મારે જવાનુ થતુ હોય છે. હુ રાકેશભાઈ તળપદાને ઓળખુ છુ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે રાકેશભાઈએ નરેન્દ્રભાઈને પોલીસ સ્ટેશન બોલાવેલા અને નરેન્દ્રભાઈ મને પોલીસ સ્ટેશન લઈ ગયેલા હતા. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મને આજ રોજ કોર્ટમાં બતાવવામા આવેલો તે મે પ્રથમ વખત જોયેલો છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કેલ નરેન્દ્રભાઈ અમારી સાથે વિશ્વ હિન્દુ પરીષદના સભ્ય હોય જેથી તેમના કહેવાથી આજ રોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. અમોએ પોલીસ વાળાને અમાર ફેસબુક કે ટવીટર એકાઉન્ટના આઈ.ડી પાસવાર્ડ આપેલા નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મે જે ફોટો જોયેલો તેવો કોઈ ફોટો વાયરલ થયેલો નથી હુ વિશ્વહિન્દુ પરીષદનો સભ્ય હોઉ ફોટો ખોટી રીતે ઓળખી બતાવુ છુ.

***(૭.૫) સાહેદ નો પુરાવો :-*** આ કામે ફરીયાદપક્ષે આક-૧૮ થી સાહેદ શૈલેષભાઈ ડાહ્યાભાઈ પટેલ ને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની સરતપાસની જુબાનીમા જણાવેલ છે કે,હું ઓટો રીક્ષા ચલાવી મારા તથા મારા કુટુંબનુ ગુજરાન ચલાવુ છુ તે સીવાય હુ કન્સ્ટ્રકશનનો બીઝનેશ કરૂ છુ. પોલીસે મને કયારેય નિવેદન લેવા સારૂ બોલાવેલા નથી. હુ નરેન્દ્રભાઈ પાયકને ઓળખુ છુ. નરેન્દ્રભાઈ ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. નરેન્દ્રભાઈએ મને ફોન ઉપર જણાવેલ કે નરેન્દ્રભાઈ મોદી સાહેબનો ફોટો ફેસબુક ઉપર ખોટી રીતે વાઈરલ કરેલ છે તે વ્યાજબી જણાયેલુ નહી તેવી હકિકત જણાવેલી.આ સીવાય બીજુ શુ બનેલુ તે મને હાલ યાદ નથી. આ સીવાય આ બનાવ બાબતે બીજુ કાઈ જાણતો નથી.

સદર સાહેદને એ.પી.પીશ્રીએ ફરી ગયેલા જાહેર કરેલ છે.સદર સાહેદની ઉલટતપાસમા ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

***(૭.૬ ) સાહેદ નો પુરાવો :–*** આ કામે ફરીયાદપક્ષે આક–૧૯ થી સાહેદ ભ્રુગુનાથ ઉર્ફે ગગન ઉમેશચંદ્ર પાંડે ને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની સરતપાસની જુબાનીમા જણાવેલ છે કે,હું વાપી નાકોવા રેસીડેન્સી ખાતે રહેતાો હતો અને હરીઓમ કોમ્પ્લેક્ષ ખાતે ટીચીંગ કલાસ ચલાવતો હતો અને સામાજીક સંસ્થા વિશ્વહીન્દુ પરીષદ સાથે જોડાયેલો હતો. સને –૨૦૨૦ની સાલમા તારીખ મને હાલ યાદ નથી તે વખતે મારામોબાઈલ સોશ્યલ મીડીયાના માધ્યમથી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી અને ભગવાન શ્રીરામના વાઘાજનક વિડીયો સાજીદ રોક નામના સોશ્યલ મીડીયા એકાઉન્ટ માથી વાયરલ થયેલ. જેથી અમોએ તે વિડીયો બાબતે અમોએ પોલીસને જાણ કરેલી. અમોએ ત્યાર બાદ અમોને જાણ થયેલી કે સાજીદ રોક નામનુ એકાઉન્ટ કોઈ નિસાર મન્સુર અલી નામના વ્યકિતનુ હતુ. પોલીસે મારૂ નિવેદન લીધેલુ. મે આરોપીનો જોયેલો છે પણ હાલ તેનો ચેહરો યાદ નથી. આરોપી કોર્ટમા હાજર નથી.

જયારે બચાવપક્ષ તરફે ઉલટતપાસમા તેમણે જણાવેલ છે કે, મને ગુજરાતી વાંચતા આવડે છે. મે બી.એસ.સી. બી.એડ સુધીનો અભ્યાસ કરેલ છે. હું સને –૨૦૨૦મા એન્ડ્રોઈડ મોબાઈલ ઉપયોગ કરતો હતો. મે પોલીસને ફોન જમા કરાવેલો નહી. મને એ યાદ નથી કે મે પોલીસને જે ફોન બતાવેલો તેનુ પંચનામુ પોલીસે કરેલુ કે નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફેસબુક પર કોઈ પણ વ્યકિતનો ફોટો વાઈરલ થયા જ કરે છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે વાયરલ થયેલો ફોટો કોને વાયરલ કરેલ છે તે પોલીસ સિવાય કોઈ જાણી

શકેનહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પોલીસે મને પોલીસ સ્ટેશને બોલાવેલ અને મારૂ નામ સરનામે પુછેલ હતુ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ સિવાય હું બીજુ કાંઈ જાણતો નથી.હવે સાહેદ જણાવે છે કે જે જાણતો હતો તે કહેલુ હતુ. મને યાદ નથી કે પોલીસ સ્ટેશને કઈ તારીખે અને કેટલા વાગ્યે ગયેલો હતો. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પોલીસે મારી પાસેથી ઈ–મેલ આઈ.ડી કે ફેસબુક આઈ.ડી. લીધેલી નહી. પોલીસે મારી પાસેથી વિશ્વહિંદુ પરીષદના સભ્ય હોવાનુ કોઈ આઈ કાર્ડ માંગેલુ નહી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે મારી પાસે આવો કોઈ ફોટો આવેલો નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે મારા મોબાઈલ પર સોશ્યલ મીડીયાના માધ્યમથી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી અને ભગવાન શ્રીરામના વાધાજનક વિડીયો આવેલો નથી.

***(૭.૭) તપાસ કરનાર અધિકારી નો પુરાવો :–*** આ કામે ફરીયાદપક્ષે આક–૨૩ થી તપાસ કરનાર અધિકારી રમેશભાઈ દેવજીભાઈ મકવાણા ને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની સરતપાસની જુબાનીમા જણાવેલ છે કે,સને ૨૦૨૦ ની સાલમાં અમો ધરમપુર સર્કલ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે ગઈ તા. ૩૦/૭/૨૦૨૦ ના રોજ એક ફરીયાદ ડુંગરા પોલીસ સ્ટેશન ગુના. રજી. નંબર ૧૧૨૦૦૦૫૧૨૦૦૯૪૦/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૧૫૩(ક)(૧)(ક), ૧૫૩(ક)(૧)(ખ), ૧૫૩(ખ)(૧)(ગ), ૨૯૨, ૨૯૫(ક), ૫૦૫(૨), ૧૧૪ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ ૬૭, ૬૭(એ) મુજબની ફરીયાદ આપતા પી.એસ.ઓ. ધ્વારા ફરીયાદ નોંધી લેવામાં આવેલ અને અગાળની તપાસ મારા પુરોગામી પી.એસ.આઈ.શ્રી જે.વી. ચાવડા ડુંગરા પોલીસ સ્ટેશનનાઓએ સોપેલ હતી. ત્યાર બાદ સદર ગુનાના કામે તા. ૦૩/૦૮/૨૦૨૦ ના રોજ આરોપીને અટક કર્યા બાદથી વધુતપાસ અમોને સોંપવામાં આવેલી. સદર ગુનાના કામે અમોએ ફરીયાદ વંચાણે લઈ તપાસ

સંભાળી લીધેલ. આરોપીને અટક કરેલ અને ગુનામાં વપરાયેલ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યા અંગેનુ પંચનામુ કરેલ. મને આંક ૧૪ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે જોઈને હુ કહુ છુ કે તે પંચનામુ અમો રૂબરૂ કરવામાં આવેલ છે અને અમો રૂબરૂ પંચોએ સહી કરેલ છે અને પંચનામામાં મોબાઈલ ફોન ધ્વારા આપતીજનક ફોટા પ્રસિધ્ધ કરી હિન્દુ ધર્મની લાગણી દુભાય અને ધર્મ જાતી કોમ વચ્ચે દુશ્મનાવટ તથા ધિકકાર થાય તેવુ કૃત્ય ઈરાદાપુર્વક કરેલ હોય તેવુ મોબાઈલ જોતા જણાય આવેલ. જે મોબાઈલનુવિગતવારનુ પંચનામુ અમોએ કરેલ અને પંચનામાની સાથે અમોએ જે આપતીજનક ફોટા પ્રસિધ્ધ કરેલ તેની સ્ક્રીનશોટની નકલ કામ સાથે સામેલ રાખેલ. જે સ્ક્રીનશોટની નકલ મને બતાવવામાં આવે છે જેમાં સર્કલ પી.આઈ.ધરમપુર તરીકે મારી સહી છે અને સીકકો મારેલ છે જે સ્ક્રીનશોટ અમોએ કબજે કરેલ જે હુ ઓળખી બતાવુ છુ. ત્યાર બાદ સદર ગુનાની વધુ તપાસ અર્થે અમોએ ગુનાના કામે વપરાયેલ મુદ્દામાલ ની વધુ તપાસ અર્થે એફ.એસ.એલ. કચેરી સુરત નાઓ ને મોબાઈલ સીલબંધ કરી તપાસ અર્થે મોકલેલ જેની અસલ રવાનગી યાદી રજુ કરુ છુ જે **આંક. ૨૪** આપવામાં આવે છે. જે રવાનગી યાદીમાં અમારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. ત્યાર બાદ એફ.એસ.એલ. ન્યાયીક સહાયક વિજ્ઞાનની કચેરી સુરત ધ્વારા અમોને મુદ્દામાલ મળી ગયા બાબતની પહોંચ આપેલ. જે **આંક.૨૫** આપવામાં આવે છે. ત્યાર બાદ સદર ગુનાના કામે મુદ્દામાલ એફ. એસ. એલ.માં મોકલાવેલ હોય તે બાબતની તપાસ કરતા મુદ્દામાલ મોબાઈલનુ પૃથ્થકરણ થયેલ ન હોય જેથી અમોએ ગુનાની તપાસ પુર્ણ કરી એફ. એસ. એલ. સર્ટીફીકેટ બાકી રાખી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવેલ હોય ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખુ છુ.સદર ગુનાના કામે તારીખ ૨૬/૮/૨૦૨૦ થી ગઈ તા. ૧૫/૭/૨૦૨૫ દરમ્યાન વારંવાર એફ.એસ.એલ. સુરત મુકામે મોબાઈલ

પૃથ્થકરણ અંગે તપાસ કરાવતા મુદ્દામાલ પૃથ્થકરણ થયેલ નથી. મુદ્દામાલ મોબાઈલ પૃથ્થકરણ થયેથી મોકલી આપીશુ તેવો જવાબ અમોને તથા ડુંગરા પોલીસ સ્ટેશનના ક્રાઈમ રાઈટરને જણાવવામાં આવેલ છે. આજરોજ ડુંગરા પોલીસ સ્ટેશન તરફથી મૃદામાલ પરીક્ષણ થયેલ ન હોવા બાબતની યાદી અમોને આપેલ હોય જે **આંક– ૨૬** આપવામાં આવે છે.

જયારે બચાવપક્ષ તરફે ઉલટતપાસમા તેમણે જણાવેલ છે કે, મે તપાસ સંભાળ્યા બાદ સમગ્ર ફરીયાદનો અભ્યાસ કરેલો. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ફરીયાદ આપેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદ સતર કલાક મોડી આપવામાં આવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદમાં ફરયાદ મોડી આપવા અંગે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ કામે નરેન્દ્ર પાચક નો મોબાઈલ કબજે કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે સામાન્ય સંજોગોમાં કોઈના મોબાઈલ નો પાસવર્ડ મળી જાય તો મોબાઈલ ફોનમાં હોય તે એપ્લીકેશનનો સદઉપયોગ તથા દુરઉપયોગ કરી શકે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ અન્વયેનો ગુનો હોય તો ૬૫(બી) નુ પ્રમાણપત્ર હોવુ જોઈએ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આવુ કોઈ પ્રમાણપત્ર મે ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ચાર્જશીટ સાથે જે મોબાઈલ કબજે કરેલ મોબાઈલની માલીકી માટેનુ કોઈ બીલ રજુ કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે મોબાઈલ કબજે કર્યાનુ પંચનામુ કરતી વખતે કોઈ ટેકનીકલ વ્યકિતને હાજર રાખેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ વાળી જગ્યાની આજુબાજુના કોઈ સાહેદોના નિવેદન લીધેલા નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પંચનામામાં તા. ૩૦/૭/૨૦૨૦ લખેલ છે અને આરોપીની અટક તા. ૩/૮/૨૦૨૦ ના રોજ કરેલ છે કારણ કે કોરોનાની

મહામારીના કારણે રીપોર્ટ આવ્યા બાદ અટક કરવામાં આવેલ છે. ફરીયાદ આપવામાં આવેલ ત્યારે હુ ધરમપુર સર્કલ પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતો હતો. મને તપાસ તારીખ ૩૦/૭/૨૦૨૦ ના રોજ મળેલ. જે દિવસ ે ગુનો દાખલ થયો ત્યાર થી અમોને તપાસ મળી ત્યાં સુધી જે.વી. ચાવડા પાસે તપાસ હતી. અમને જે તપાસ મળેલી તે મને ટેલીફોનીક સુચનાથી મળેલી લેખીતમાં મળેલી નહી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે ફરીયાદ મુજબ આરોપીએ કોઈ ગુનાહીત કૃત્ય કરેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે આરોપીએ કોઈ ફોટો વાયરલ કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે મને જે તપાસ મળેલી તેમાં જે સાહેદોના નિવેદન હતા તે સાહેદના મોબાઈલ, તેમની ઈ.મેઈલ આઈ. ડી. કે વોટસઅપ કબજે કરેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલુ છે. મુદ્દમાલ કબજે કર્યા બાદ મુદ્દામાલ ક્રાઈમ રાઈટર પાસે તારીખ ૫/૮/૨૦૨૦ થી તારીખ ૧૦/૮/ ૨૦૨૦ સુધી રાખવામાં આવેલો. સાહેદ જણાવે છે કે તારીખ ૩૦/૭/૨૦૨૦ થી જ ક્રાઈમ રાઈટર પાસે મુદ્દમાલ હતો. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે મે કોઈ મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલાવેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખેલ નથી અને ફરીયાદને અનુરુપ તૈયારં પંચનામામાં પંચોની સહી કરાવેલી છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આજદિન સુધી એફ.એસ.એલ. નો રીપોર્ટ આવેલ નથી.

***(૭.૮ ) તપાસ કરનાર અધિકારી નો પુરાવો :–*** આ કામે ફરીયાદપક્ષે આક– ૩૦ થી તપાસ કરનાર અધિકારી જયદીપસીંહ વેણીસીંહ ચાવડા ને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની સરતપાસની જુબાનીમા જણાવેલ છે કે,ગઈ તારીખ ૨૯/૭/૨૦૨૦ ના રોજ અમારી નોકરી ડુંગરા પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ. તરીકે હતી. તે સમયે ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારામાં એક આઈ.ટી.એકટ

મુજબનો ગુનો બનેલ હતો. જેથી ફરીયાદી શ્રી રાકેશભાઈ રમણભાઈ નાઓએ અમો રૂબરૂ ફરીયાદ આપેલી. જે બાબતે અમોએ ડુંગરા પોલીસ સ્ટેશન અમલદારનાઓને ગુનો દાખલ કરવા બાબત એક યાદી કરેલી. જે યાદી જે **આંક.૩૧** થી રજુ. ત્યાર બાદ ડુંગરા પોલીસ સ્ટેશન ગુના.રજી. નં ૧૧૨૦૦૦૫૧ ૨૦૦૯૪૦/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૧૫૩(ક)(૧)(ક), ૧૫૩(ક)(૧)(ખ), ૧ ૫૩(ખ)(૧)(ગ),૨૯૨, ૨૯૫(ક), ૫૦૫(૨), ૧૧૪ તથા આઈ.ટી. એકટની કલમ ૬૭(એ) મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ અમોએ સંભાળી લીધેલ. ત્યાર બાદ ફરીયાદ વંચાણે લીધેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યાર બાદ આગળની તપાસ સી.પી.આઈ. આર.ડી. મકવાણાનાઓને સુપ્રત કરેલ અને તેઓએ તપાસ કરેલ અને ચાર્જશીટ કરેલુ. આરોપીની અમોએ અટક કરેલ નથી કે અમારી રૂબરૂ અટક કરવાની કોઈ કાર્યવાહી કરેલ નથી.

જયારે બચાવપક્ષ તરફે ઉલટતપાસમા તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદ સતર કલાક મોડી આપવામાં આવેલી છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદ મોડી આપવા બાબતનો કોઈ ખુલાસો ફરીયાદમાં કરવામાં આવેલો નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદ લેતા સમયે કોઈ ઈલેકટ્રોનીક એક્ષપર્ટની કોઈ સલાહ લીધેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદીના કે સાહેદોના મોબાઈલના કોઈ ડેટા કલેકશન મે કરેલા નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદી કે સાહેદોના ઈ.મેઈલ આઈ.ડી. કે મોબાઈલ પંચનામુ કરી મે કબજે કરેલા નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે મે કોઈ ફરીયાદી કે સાહેદો પાસેથી ૬૫(બી) નુ પ્રમાણપત્ર મેળવેલ નહી. મે આર.ડી. મકવાણાને કેટલા વાગે ફરીયાદ સોપેલી તે યાદ નથી. એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે આવો કોઈ ગુનો બનેલ ન હોવા છતાં ખોટી ફરીયાદ લીધેલી.

એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બધા સાહેદોના નીવેદનો એક જ દીવસે લીધેલા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે મે કોઈ ડુંગરા નવીનગરી જે બનાવની જગ્યા છે તેની આજુબાજુના લોકોના નીવેદન લીધેલા નથી. એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે મે ફરીયાદને અનુરુપ સાહેદોના નીવેદન જાતે લખી લીધેલા. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે ખોટી ફરીયાદના આધારે ખોટો ગુનો દાખલ કરેલો છે.

***(૭.૯)પુરાવાનુ મુલ્યાંકન :–*** આ કેસમાં, ફરિયાદી પક્ષે રજૂ કરેલા તમામ દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કરવામાં કરતા ફરિયાદી પક્ષે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩(ક)(૧)(ક),૧૫૩(ક)(૧ (ખ), ૧૫૩(ખ)(૧)(ગ), ૨૯૨ , ૨૯૫ (ક), ૫૦૫ (૨), ૧૧૪ અને ઇન્ફોર્મેશન ટેકનોલેજી એકટ ની કલમ ૬૭ અને ૬૭(એ) હેઠળ ગુનો છે. આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદીને આંક–૧૧ થી તપાસવામાં આવેલા છે જેઓએ તેની જુબાનીમાં જે હકીકત જણાવી છે તે મુજબ તેમને નરેન્દ્રભાઈ પાયક નામના વ્યક્તિ દ્વારા સદર હુ વાંધાજનક પોસ્ટની માહિતી મળતા તેઓએ જાતે તપાસ કરેલી અને તેના આધારે તેઓએ ફરિયાદ આપેલા ની હકીકત જણાવે છે પરંતુ સદરહુ વાંધાજનક પોસ્ટ જે હતી તેની તેઓએ પ્રિન્ટ આઉટ લઈ અને ફરિયાદ સાથે રજુ કરેલું હોય તેવું જણાવેલ નથી. વધુમાં આ પોસ્ટ આરોપીએ જ વાઇરલ કરેલી છે તેવું  સાહેદ ની જુબાનીથી જણાઈ આવતું નથી કારણ કે નરેન્દ્ર પાયક નામના વ્યક્તિએ તેમને ફોરવર્ડ કરેલી અને તેના આધારે તેઓએ નક્કી કરેલ કે આ પોસ્ટ આરોપીએ વાઈરલ કરેલ છે કારણ કે આ પોસ્ટના ઇન્ફોર્મેશનમાં આરોપીનું નામ હોવાનું જણાઈ આવેલું હતું. સાહેદે તેની સમગ્ર જુબાની ધ્યાનમાં લેતા આ બનાવ ક્યાં મોબાઈલ નંબરમાંથી બનેલ છે તે સ્પષ્ટ રીતે જણાવેલું નથી કારણ કે તે મોબાઈલ નંબર પણ નરેન્દ્રભાઈ એક

નામના વ્યક્તિએ જણાવેલું છે તેની જુબાની માં જણાવેલ છે જેથી સદરહુ સાહેદે જે હકીકત જણાવેલી છે તે મુજબ જે વાંધાજનક જે પોસ્ટ હતી તે પોસ્ટ ની ખાતરી ફરિયાદીએ કઈ રીતે કરેલી છે તેવું જુબાની ઉપરથી જણાઈ આવતું નથી તેઓ તેને જે પોસ્ટ ફોરવર્ડ કરવામાં આવેલી તેના આધારે તેઓએ નક્કી કરેલું કે આ વાંધાજનક છે. વધુમાં તેઓએ તેની જુબાનીમાં એવું જણાવેલું કે આ મોબાઈલ નંબર નિશાર મનસુર અલી વાપરતા હોવાનું જણાયેલું પરંતુ કયા આધારે આરોપી વાપરતા હોવાનું જણાયેલું તેનો કોઈ પુરાવો ફરિયાદીએ ફરિયાદ સાથે રજૂ કરેલું હોય તેવું જણાઈ આવતું નથી એટલે કે હાલના આરોપી આ મોબાઈલ નંબર વાપરે છે તે માત્ર તેઓ અનુમાનના આધારે નક્કી કરેલું હોય તેવું જણાઈ આવે છે. વધુમાં હાલના આરોપી ના મોબાઈલ નંબરમાં તેનો દીકરો આઈ.ડી. બનાવી વાપર તા હોવાનુ જણાવે એટલે કે હાલના આરોપી આ પોસ્ટ વાઈરલ કરેલા તેવું ફરિયાદીની જુબાની પરથી જણાઈ આવતું નથી કારણ કે ફરિયાદીની ફરિયાદ પરથી જ એ હકીકત રેકર્ડ પર આવે છે કે હાલના આરોપીના મોબાઇલ ઉપર તેના પુત્રએ એકાઉન્ટ બનાવેલ અને તેણે વાયરલ કરેલ છે તેવું ફરિયાદીની જુબાની પરથી જણાઈ આવતું નથી કારણ કે ફરિયાદી એ કોઈ ગુનાની અંગત માહિતી ધરાવનાર વ્યક્તિ નથી. વધુમાં આરોપી તરફની ઉલટ તપાસમાં તેઓએ સ્પષ્ટ જણાવેલ છે કે કોઈપણ વ્યક્તિ કોઈના ફોનનો યુઝર આઇડી ને પાસવર્ડ ખોલીને તેનો ઉપયોગ કરી શકે છે. તેઓએ જે પ્રોફાઈલ ખોલેલ તે સાજીદ રોક નામ લખેલું હતું તે કોના નામની પ્રોફાઈલ હતી તેવો સ્પષ્ટ કહી શકે નહીં. વધુમાં તેઓ એવું પણ જણાવેલું કે તેઓએ જે પ્રોફાઈલ ખોલીને તેમાં જે ઈમેલ આઇડી હતું તે કોનું હતું તે પણ તેઓ કહી શકે નહીં. વધુમાં તેઓએ સ્પષ્ટ રીતે હકીકત સ્વીકારેલી કે નરેન્દ્રભાઈ પાચક નામના વ્યક્તિએ તેમને પોસ્ટ મોકલી અને તેના આધારે તેઓએ ફરિયાદ કરેલી છે.

**(૭.૯.૧)** વધુમાં આ પોસ્ટ આરોપીના મોબાઈલમાંથી જ કરવામાં આવેલી છે તેવું તેઓએ મોબાઈલ આરોપીનો ચેક કરીને ફરિયાદ આપેલ હોય તેવું જણાઈ આવતું નથી. જેથી ફરિયાદીની જે સમગ્ર જુબાની છે તે જુબાની માત્ર સાંભળેલી હકીકતોના આધારે આપવામાં આવેલી જુબાની છે અને તેના આધારે તેઓએ ફરિયાદ આપેલી છે કારણ કે નરેન્દ્ર પાયક નામના વ્યક્તિને આ ફરી ફરિયાદીને પોસ્ટ મોકલાવેલી અને તે પોસ્ટ ઉપર તેણે જોઈને અને ફરિયાદ આપેલ તેવું જણાય આવે છે જેથી ફરિયાદીની જુબાનીથી આરોપીની ગુનામાં સંડોવણી હોય તેવું જણાઈ આવતું નથી. આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૧૨ થી ફરિયાદીને જેણે આ વાંધાજનક પોસ્ટ ફોરવર્ડ કરી હતી તેને સાક્ષી તરીકે તપાસેલ છે તેઓએ તેની જુબાનીમાં એવી હકીકત જણાવેલી છે કે તારીખ ૨૯/૦૭/૨૦૨૦ ના રોજ બજરંગ દળના કાર્યકર્તા ગગન પાંડેના હોય તેમને જણાવેલ કે સાજીદ રોક નામના ફેસબુક એકાઉન્ટ માં વાંધાજનક પોસ્ટ મુકેલ છે અને તે વાયરલ કરેલ છે જેનાથી તેને ફોનથી જાણ કરેલી અને ફોટો સ્ક્રીનશોટથી તેને મોકલાવેલો અને તેને પૂછેલ કે કયા વિસ્તારમાં માણસ રહે છે તેથી તેને ડુંગરા વિસ્તારમાં રહે છે અને ડુંગરા વિસ્તારના પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ રાકેશભાઈ રમણભાઈ તળપદા એટલે કે હાલના ફરિયાદીને જાણ કરેલ અને તપાસ કરવા જણાવેલું જેથી ડુંગરા પોલીસના એ.એસ.આઈ રાકેશભાઈ રમણભાઈએ તેની તપાસ કરી મોબાઈલ ધારક નિશાર મનસુર અલી ખાન અને તેના છોકરાને પકડીને પોલીસ સ્ટેશન લાવેલા અને તેની વિરુદ્ધમાં ફરિયાદ આપેલી. જે ધ્યાને લેતા હાલના ફરિયાદી ને સ્ક્રીનશોટ મોકલનાર સાહેદ છે પરંતુ તેમને પણ ગગન પાંડે નામના વ્યક્તિએ સ્ક્રીનશોટ પાડીને મોકલાવેલો અને તેમને તેણે જણાવેલું કે આ પોસ્ટ છે તે મનસુરી નામના વ્યક્તિએ ડુંગરાના વિસ્તારમાં રહે છે તેણે વાયરલ કરેલ છે જેથી હાલના સાહેદ જુબાનીથી પણ કોઈ આરોપીની ગુના ની સંડોવણી હોય તેવું

જણાવતા સાહેદ નથી કારણ કે તેમને પણ બનાવની મૌખિક રીતે જાણ થયેલી છે અને તેના આધારે તેઓએ ફરિયાદીને તપાસ કરવાનું કહેલું અને ફરિયાદીએ સીધી આરોપી સામે ફરિયાદ દાખલ કરી દીધેલી છે પરંતુ તેઓએ પણ કોઈ તપાસ કરેલી હોય તેવું જુબાનીમાં જણાવતા નથી. તેઓએ તેની ઉલટ તપાસમાં હકીકત જણાવી છે કે ક્યાં મોબાઈલ નંબર થી આવેલું તે જણાવેલું નથી. તેઓએ જે ફોટો રજુ કરેલું છે તેનું પોલીસને કોઈ બિલ આપેલ નથી. તેઓનો મોબાઇલ પોલીસવાળાએ કબજે કરેલો નથી તેઓના મોબાઈલનું કોઈ પંચનામું થયેલ નથી. તેઓને પોલીસ સ્ટેશને જવાનું થયેલું નથી. તેઓએ તેના નિવેદનમાં પોલીસવાળા તેઓની રૂબરૂ તેમને અટક કરે પકડીને લાવી લેતા તેવું જણાવેલું નથી. જેથી આ સાહેદ ની જુબાનીથી પણ આરોપીની ગુનામાં સંડોવણી હોય તેવું જણાઈ આવતું નથી કારણ કે તેમને પણ કોઈ ત્રીજા વ્યક્તિ ગગન પાંડે નામના વ્યક્તિએ તેમને સ્ક્રીનશોટ પાડીને મોકલાવેલો અને તેઓ ફરિયાદીને જાણ કરી હતી. જેથી હાલના સાહેદ ની જુબાનીથી પણ આરોપીની ગુનામાં સંડોવણી હોય તે હકીકત નિ:શંકપણે સાબિત થતી નથી કારણ કે તેઓએ સાંભળેલી હકીકતના આધારે તેઓએ નક્કી કરીને ફરિયાદીને હાલનું એ વાંધાજનક પોસ્ટ વાળો ફોટો મોકલેલો હતો જેથી હાલના સાહેદ ની જુબાનીથી પણ આરોપીની ગુનામાં સંડોવણી હોય તેવું જણાય આવતુ નથી. આ કામે આંક–૧૭થી ભુપેનભાઈ થોભણભાઈ પટેલ નામના વ્યક્તિને પણ સાક્ષી તરીકે તપાસેલા છે તેઓએ પણ એવી હકીકત જણાવી કે તેઓ નરેન્દ્ર ભાઈ એક નામના વ્યક્તિને ઓળખે છે અને કોઈ મુસ્લિમ ભાઈએ શ્રીરામ ભગવાન નો ફોટો ફેસબુક પર અપલોડ કરેલો અને તે બાબતે ડુંગરા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને ત્યાં તેઓ ગયેલા અને પોલીસે તેમની પૂછપરછ કરી લીધી તેઓએ જે વાયરલ થયેલો ફોટો જોયેલો કે નહીં તે તેઓને કોઈ યાદ નથી. પરંતુ આ સાહેદ ની જુબાનીથી પણ આરોપીની ગુનામાં

સંડોવણી થતી હોય તેવું જણાઈ આવતું નથી કારણ કે સરતપાસમાં તેઓએ કોઈ આરોપીનું નામ જણાવેલું નથી કે કોઈ બીજી વિશેષ હકીકત જણાવેલી નથી.

**(૭.૯.૨)** આ કામે આંક –૧૮ થી જે સાક્ષીને તપાસવામાં આવેલા છે તે સાક્ષીની જુબાનીમાં પણ તેઓએ કોઈ આરોપીની ગુનામાં સંડોવણી થતી હોય એવી હકીકત જણાવેલી નથી અને સાંભળેલી હકીકતના આધારે હકીક ત જણાવેલી હોય તેવું જણાઈ આવે છે કારણ કે બનાવવા બાબતે તેઓ કાંઈ જાણતા નથી તેવી હકીકત જણાવેલી છે જેથી આ સાહેદ ની જુબાનીથી પણ આરોપીની ગુનામાં સંડોવણી હોય તેવું સાબિત થતું નથી. આ કામે આંક –૧૯ થી ભગુનાથ ઉમેશચંદ્ર પાંડે ને સાક્ષી તરીકે તપાસવામાં આવેલા છે જે મુખ્ય સાહેદ છે કે જેઓએ નરેન્દ્ર પાયક નામના સાક્ષીને પોસ્ટ મોકલી હતી અને તેઓએ ફરિયાદીને મોકલી હતી. જ્યારે હાલના સાહેદ તેની જુબાનીમાં જે હકીકત જણાવે છે તેમાં એવું જણાવેલું છે કે તેઓએ તેના મોબાઈલમાં સોશિયલ મીડિયા પર વાંધાજનક ભગવાન શ્રીરામની વાંધાજનક પોસ્ટ સાજીદ રોક નામના સોશિયલ મીડિયા માંથી વાયરલ થયેલ જેથી તે વિડીયો બાબતે તેણે પોલીસને જાણ કરેલી અને તેઓએ જાણ કર્યા બાદ આ એકાઉન્ટ નીસાર મન્સુર અલી ખાન નામના વ્યક્તિનું હતુ પોલીસે તેમનું નિવેદન લીધેલું ને આરોપીને જોયેલ છે પણ હાલ ચહેરો તેમને યાદ નથી જેથી અને આરોપી કોર્ટમાં હાજર નથી તેવી હકીકત જણાવેલી છે. આ સાહેદ ની આરોપી તરફે ઉલટ તપાસ થયેલી છે જેમાં તેઓએ હકીકત જણા ક આવેલી છે કે ફેસબુક પર કોઈ પણ વ્યક્તિ ફોટો વાયરલ થયા જ કરે છે તે કોણે વાયરલ કરેલ છે તે પોલીસ સિવાય કોઈ જાણી શકે નહીં. પોલીસે તેમને માત્ર તેનું નામ સરનામું પૂછેલું તે સિવાય બીજું કાંઈ જાણતા નથી. તેઓએ પોલીસે તેઓની પાસેથી કોઈ ઈમેલ આઇડી કે પાસવર્ડ લીધેલા નહીં. જેથી આ સાહેદ ની જુબાનીથી પણ આરોપીની ગુનામાં સંડોવણી હતી નહી કે જણાય

આવતુ  નથી કારણ કે આ સાહેદ મુખ્ય સાહેદ છે કારણ કે આ જ સાહેદે તેમના મોબાઈલ માંથી સાહેદ ને અને ફરિયાદી ને વાંધાજનક પોસ્ટ ફોરવર્ડ કરેલી અને તેના આધારે તપાસ કરવા માટે જણાવેલું. જ્યારે આ સાહેદ પોતાના નિવેદનથી વિરુદ્ધ ની હકીકત જણાવે છે જેથી આરોપીની ગુનામાં સંડોવણી છે કે કેમ તે પણ તેઓ સ્પષ્ટ રીતે જણાવતા નથી જે હકીકત પણ ફરિયાદ પક્ષના કેસ પર વ્યાજબી શંકા ઉપજાવે છે કારણ કે ફરિયાદી અને સાહેદ એ કોઈ મુખ્ય સાહેદ નથી કારણ કે તેઓએ હાલના સાહેના ફોનમાંથી જ ફોરવર્ડ થયેલી પોસ્ટના આધારે તમામ હકીકતો જણાવેલી હતી જે હકીકતોના આધારે ફરીયાદીએ ફરિયાદ આપેલી જે હકીકતને હાલના સાહેદ સમર્થન આપતા નથી.

**(૭.૯.૩)** આ કામે ફરિયાદ પક્ષ દ્વારા આંક –૩૦થી તપાસ કરનાર અધિકારી જે. વી. ચાવડા ને તપાસેલા છે જેઓ એ પણ તેની જુબાનીમાં તેઓને ગુનો દાખલ થયા બાદ તપાસ થતાં તેઓએ ગુનો દાખલ કર્યા બાદ લાગતા વળગતા સાહેદો ના નિવેદનો લીધેલા અને તેઓએ આગળની તપાસ સી. પી. આઈ. આર. ડી. મકવાણા ને સોપી આપેલી અને તેઓએ ચાર્જસીટ કરેલું તેવી હકીકત જણાવીને તેઓએ આરોપીને અટક કરેલા નથી કે તેઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી તેવુ જણાવેલ. વધુમાં તેઓની ઉલટતપાસમા એવી હકીકત સ્વીકારેલી છે કે ફરિયાદીના કે સાહેદો ના મોબાઈલ ના કોઈ ડેટા કલેક્શન તેઓએ કરેલા નથી કે ઈ – મેલ આઇ . ડી કે મોબાઈલનું પંચનામુ તેઓ કબજે કરેલ નથી. તેઓએ કોઈ ૬૫ ( બી) નું પ્રમાણપત્ર મેળવેલું નથી. વધુમાં તેઓએ હકીકત સ્વીકારેલી કે બધા સાહેદો ના નિવેદન એક જ દિવસે લીધેલા છે. જેથી આ સાહેદ ની જુબાની વંચાણે લેતા આરોપીની સામે જે તપાસ કરેલી છે તેમાં આરોપીની સંડોવણી હોય તેવી કોઈ હકીકત તેની જુબાની પરથી જણાઈ આવતી હતી માત્ર જુબાનીમા ફરિયાદના આધારે તેઓએ સાહેદો ના નિવેદનો લીધેલા અને ત્યારબાદ તેઓ

આગળની તપાસ આર.ડી. મકવાણા ને સોંપી આપેલ. આ કામે આંક–૨૩ થી આર . ડી. મકવાણા ને સાક્ષી તરીકે તપાસેલા છે તેઓએ પણ આગળની તપાસ તેઓને મળતા આરોપીને અટક કર્યા બાદ તેઓએ વધુ તપાસ કરેલી અને તપાસમાં મોબાઈલ કબજે કર્યા અંગેનુ પંચનામું કરેલું અને જે આપત્તિજનક મોબાઈલ નો સ્ક્રીનશોટ હતો તેની નકલ મેળવી કામમાં સામેલ રાખેલ છે અને કરેલ મુદ્દામાલ મોબાઈલ ને એફ . એસ . એલ . સુરત ખાતે ચકાસણી અર્થે મોકલી આપેલ તેવી હકીકત જણાવેલ છે. આ સાહેદ ની ઉલટ તપાસમાં તેઓએ હકીકત સ્વીકારેલી છે કે ફરિયાદ મોડી આપવાનો કોઈ ખુલાસો કરવામાં આવેલો નથી અને નરેન્દ્ર પાયક નો મોબાઇલ તેઓએ કબજે કરેલો નથી. વધુમાં તેઓ એવું પણ જણાવેલું કે સામાન્ય સંજોગોમાં કોઈ વ્યક્તિ મોબાઇલ ફોનનો જો પાસવર્ડ મળી આવે તો સદઉપયોગ કે દુરુપયોગ કરી શકે છે અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ અન્વયે નો ગુનો બનતો હોય તો ૬૫ ( બી) ના પ્રમાણપત્રની જરૂર છે. વધુમાં તેઓએ હકીકત જણાવેલી કે તેઓને જે તપાસ મળેલી તેમાં સાહેદો ના નિવેદનો હતો તેમાં કોઈ મોબાઈલ કે તેમના ઇ – મેલ આઇ . ડી કબજે કરેલા ની હકીકત જણાવેલી નહીં.

**(૭.૯.૩)** જેથી આ સાહેદ ની જુબાની ધ્યાનમાં લેતા તેઓએ બનાવવામાં જે મોબાઈલ વાપરેલો હતો તેનું પંચનામુ કરેલા ની હકીકત જણાવે છે જે ધ્યાને લેતા આ પંચનામુ કરનાર ના પંચો હોસ્ટેલ થયેલા હોય તેઓએ કોઈ મહત્વની હકીકતો જણાવેલી ન થી પંચનામાની હકીકતો તેની જુબાનીથી સાબિત થયેલી નથી. જે પંચનામુ આ કામે આંક–૧૪ થી રજુ છે તે પંચનામાં ફરિયાદ ને લગતી હકીકતો જણાવવામાં આવેલી છે અને મોબાઈલ કબજે કરેલાની હકીકત જણાવેલી છે પરંતુ આ પંચનામા તપાસ કરનાર અધિકારીએ તેની જુબાનીમાં જે હકીકત જણાવેલી છે કે તેઓએ વાંધાજનક જે પોસ્ટ હતી તેનું તેની નકલ મેળવી કામમાં સામેલ રાખેલ

હતી તેવું જણાવેલું છે અને તે પંચનામાની સાથે સામેલ રાખવામાં આવેલ છે પરંતુ પંચનામા એવી કોઈ હકીકત લખેલી નથી કે જે વાંધાજનક પોસ્ટ જે મોબાઇલ માંથી પ્રિન્ટ આઉટ લેવામાં આવેલી હતી પંચનામા સાથે સામેલ રાખવામાં આવે છે જેથી જે પ્રિન્ટ આઉટ રજૂ થયેલી છે તે કોઈ સાબિત થયેલી હકીકત કહી શકાય નહીં. વધુમાં આ જે નકલ પંચનામાની સાથે સામેલ છે તે ઝેરોક્ષ નકલ છે તે કોઈ કલર ઝેરોક્ષ કે વેબસાઈટ ઉપરથી પ્રિન્ટ કરેલી નકલ નથી જેથી તેનાથીઆ જે પોસ્ટ હતી તે વાંધાજનક હતી કે કેમ તે માની શકાય તેમ નથી કે તે સાબિત થતું નથી. વધુમાં આ પ્રિન્ટ કોણે લીધેલી કોના કોમ્પ્યુટરમાં લીધેલી તેવી કોઈ હકીકત તપાસ કરનાર અધિકારીએ તેની જુબાની માલ જણાવેલી નથી. વધુમાં સૌથી મહત્વની હકીકત કે આ જે પુરાવો છે તે ઇલેક્ટ્રોનિક એવીડેન્સ કહેવાય અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫( બી) મુજબ તેનું પ્રમાણપત્ર રજૂ થવું જરૂરી છે જે ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારીએ સ્પષ્ટ રીતે તેની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે તેઓએ ૬૫ ( બી) નું પ્રમાણપત્ર આ પુરાવા સાથે રજૂ કરેલું નથી. જેથી ને પંચનામાની સાથે વાંધાજનક પોસ્ટનો સ્ક્રીનશોટ રજૂ થયેલ છે તેનું કોઈ પુરાવાકીય મૂલ્ય નથી અને તેને વંચાણે લઈ શકાય નહીં અને તેનાથી આરોપી સામે નો ગુનો નિ:શંક પણે સાબિત થાય છે તેવું માની શકાય નહીં. વધુમાં કલમ ૬૫ ( બી) નું જે પ્રમાણપત્ર છે તે મહત્વની અને આદેશાત્મક જોગવાઈ છે અને તેનું પાલન કર્યા વગર જો કોઈ ઇલેક્ટ્રોનિક એવિડન્સ રજૂ કરવામાં આવે તો તેની કોઈ કિંમત નથી. વધુમાં આ વાંધાજનક પોસ્ટ દરેક સાહેદ ને બતાવવામાં આવે છે પરંતુ એકમાત્ર તેને બતાવવાથી તે સાબિત થઈ જતી નથી પરંતુ તે ઇલેક્ટ્રોનિક એવિડન્સ હોય અને જે રીતે તેની પ્રિન્ટ આઉટ લેવામાં આવેલી છે તે પ્રિન્ટ આઉટ લેવા દરમિયાન તેમાં છેડ છાડ થવાની તેમાં સુધારા વધારા થવાની શક્યતાને નકારી શકાય તેમ નથી એટલે કે

જ્યારે જે સાહેદો પાસેથી આ સ્ક્રીનશોટ ફોરવર્ડ કરવામાં આવેલી હતી અને તે બે સાહેદ ને ફોરવર્ડ કરવામાં આવેલ હતી અને તેણે ફરિયાદી ને ફોરવર્ડ કરેલી છે તેવા સંજોગોમાં આ સમય દરમિયાન પોસ્ટમાં સુધારા વધારા થવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. વધુમાં ઓરીજનલ મોબાઇલ કબ્જે કરવામાં આવેલું છે પરંતુ એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલો છે પરંતુ તેનો એફ . એસ . એલ . માં તેનો કોઈ રિપોર્ટ રજૂ થયેલો નથી કે આ જે વાંધાજનક પોસ્ટ હતી તે મોબાઈલ ચાલુ કરીને જે તે સાહેદ ને મોબાઇલમાં જ્યાં સુધી પ્લે કરવામાં આવે ત્યાં સુધી કહી જ ન શકાય કે કોના ફેસબુક આઇ . ડી. ઉપરથી આ કરવામાં આવેલી હતી અને તે ફોરવર્ડ હતી કે બનાવવામાં આવેલી હતી જેથી પોસ્ટ હતી તે આરોપીએ જ વાયરલ કરેલી હતી તે ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકતા નથી. વધુમાં ફરિયાદીની ફરિયાદ પ્રમાણે આરોપીનો મોબાઇલ તેનો દીકરો વાપરતો હતો અને તેણે વાયરલ કરેલ છે તે ફરિયાદ પક્ષ દ્રારા તેની સામે અલગથી જુવેનાઇલ કોર્ટ વલસાડ ખાતે કાર્યવાહી દાખલ થયેલી છે પરંતુ હાલના આરોપીનું ગુનાહિત માનસ હતું અને આરોપીની હાલના આરોપીની તે ગુનો કરવામાં મદદગારી હતી તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલા નથી એકમાત્રવ આરોપીના નામનો મોબાઇલ છે અને તેનો મોબાઇલ કબ્જે થયેલો તેમાંથી જ તે વાયરલ થયેલું છે તેવું કહી શકાય નહીં. વધુમાં તપાસ કરનાર અધિકારીએ પણ સ્પષ્ટ રીતે કબુલ કરેલ છે કે કોઈપણ વ્યક્તિનો પાસવર્ડ અને યુઝર આઇડી પાસવર્ડ મળી જાય તો કોઈપણ વ્યક્તિ વાયરલ કરી શકે છે જેથી હાલ જે વાંધાજનક પોસ્ટ ફરિયાદ પક્ષના કહેવા પ્રમાણે આરોપીએ વાયરલ કરેલ છે અથવા તો તેને મદદ ગારી કરેલ છે તે હકીકત નિ:શંકપણસાબિત કરી શકેલા નથી. વધુમાં જે તપાસ કરનાર અધિકારીએ છે તે કરવી જોઈતી તપાસ કરેલી નથી અને માત્ર સાંભળેલી હકીકતોના આધારે ગુનો બને છે તેવું માની તપાસ કરવામાં આવેલું

હોય તેવું તપાસના કાગળ ઉપરથી અને ફરિયાદીએ રજુ રજૂ કરેલા દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓ પરથી જણાઈ આવે છે.

**(૭.૯.૪)** આમ , ઉપરોકત રજુ થયેલ ફરીયાદી, પંચસાહેદ અને તપાસ કરનાર અધિકારીની જુબાની અને દસ્તાવેજી પુરાવાઓનુ મુલ્યાંકન કરતા એ હકીકત સ્પષ્ટપણે જણાય આવેલ છે કે ફરિયાદી પક્ષ આરોપી સાજીદ ખાન દ્વારા સાજીદ રોક નામનું ફેસબુક એકાઉન્ટ સંચાલિત થતું હતું અનેતેમા હાલના આરોપીએ પોતાનો ફોન આપી મદદગારી કરેલ તે બાબત વિશ્વસનીયરીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને માત્ર એકાઉન્ટના નામના આધારે આરોપી સાથે સીધો સંબંધ સ્થાપિત થતો નથી અને ફરિયાદી પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ ડિજિટલ પુરાવા સાથે માહિતી બાબતે ભારતીય પુરાવા અધિનિયમની ૬૫ – બી મુજબનું પ્રમાણપત્ર રેકોર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી અને કાયદાની સ્થાપિત જોગવાઈ મુજબ ૬૫ – બી પ્રમાણપત્ર વિના ડિજિટલ પુરાવો સ્વીકાર્ય ગણાતો નથી. વધુમા આરોપી તરફથી હિન્દુ– મુસ્લિમ સમાજ વચ્ચે દ્વેષ ફેલાવવાનો કે જાહેર શાંતિ ભંગ કરવાનો કોઈ સ્પષ્ટ ઈરાદો પુરાવા દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો નથી અને ફોજદારી ગુનામાં માત્ર કૃત્ય નહીં પરંતુ ગુનાહિત ઈરાદાનું પુરાવું પણ જરૂરી છે અને આરોપ દ્વારા ધાર્મિક લાગણી દુભાવવાનો અથવા હિન્દુ– મુસ્લિમ સમાજ વચ્ચે દ્વેષ ફેલાવવાનો સ્પષ્ટ ગુનાહિત ઈરાદો પુરાવા દ્વારા સ્થાપિત થતો નથી. ઉપરાંત ,વાંધાજનક પોસ્ટના પરિણામે કોઈ વાસ્તવિક જાહેર શાંતિ ભંગ , તોફાન કે હિંસાની ઘટના થયાનો વિશ્વસનીય પુરાવો પણ રજૂ થયેલ નથી. આ તમામ હકીકતોને ધ્યાનમાં લેતાં આ કોર્ટનું સ્પષ્ટ પણે માનવુ છે કે પ્રોસિક્યુશન આરોપી સામેના ગુન્હો સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે જેથી આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર થાય છે. ફરિયાદી પક્ષે આરોપી સામેના આક્ષેપોને નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે અને હાલના

આ કેસમાં રજૂ કરાયેલા પુરાવાઓ અને જુબાનીઓ આરોપીને દોષિત ઠેરવવા માટે પુરતમા નથી. જેથી આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરેલ ન હોય જેથી ***મુદ્દા નંબર ૧ નો નકારમા જવાબ આપી મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબનો હુકમનો કરવામા આવે છે.***

**// આ ખ રી હુ ક મ //**

(૧) આ કામના આરોપી નિસાર મન્સુરઅલી ખાન રહે.ડુંગરા નવી નગરી વાપી જી. વલસાડનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૪૮(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩(ક)(૧)(ક) ,૧૫૩(ક)(૧ (ખ), ૧૫૩ (ખ)(૧)(ગ) , ૨૯૨ ,૨૯૫(ક),૫૦૫(૨),૧૧૪ અનેઇન્ફોર્મેશન ટેકનોલેજી એકટ ની કલમ ૬૭ અને ૬૭(એ) મુજબ ના ગુન્હા નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૩૭(એ) અનુસાર, અપીલ કોર્ટ માં હાજર રહેવા માટે રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા) જાત જામીન તથા તેટલી જ રકમના જામીન રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આ કામે કબજે મુદામાલ મોબાઈલ નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજે, તારીખ ૧૬, માહે જાન્યુઆરી ,સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચીને સંભળાવવામાં આવ્યો અને જાહેર કરવામાં આવ્યો.

Digitally signed by
ASHWIN CHHAGANBHAI SAKHIYA
Reason: Seen
at vapi
on 16/01/2026 10:57:55 IST.

તારીખ:- ૧૬/૦૧/૨૦૨૬ **(અશ્વિન છગનભાઈ સખીયા)**

સ્થળ :- વાપી. ત્રીજા એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, વાપી.

**U.I.Code No.GJ** 01418